# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૦ તા. ૧૪-૧૦-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :– ટ્રાન્સપોર્ટેશન સુવિધા બાબત...**

**સંદર્ભઃ– ૧. એસ.પી.ઓ.કચેરીનાપત્ર ક્રમાંક નં. એસએસએ/એએસ/૨૦૧૫/૧૦૭૧૨–૪૧ તા.૨૫/૦૩/૧૫ અન્વયે.**
**૨. ન.પ્રા.શિ.સમિતિના તા.૩૦/૪/૧૫ના પરિપત્ર–૨૦ અન્વયે**

**આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ(લાગું પડતું હોય તેવા)ને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ માટે જુન–૨૦૧૫થી શાળાઓનું નવુ શૈક્ષણિક સત્ર શરૂ થયેલ છે. આ શૈક્ષણિક સત્રની શરૂઆતમાં પરિવહન સુવિધાની જરૂરીયાતવાળા બાળકોને આ સુવિધાનો લાભ મળે તે માટે સંદર્ભિત પત્ર–૧થી જયાં પ્રાથમિક શાળાનું અંતર એક કિ.મી. કે તેથી વધુ અને ઉચ્ચ પ્રાથમિક શાળાનું અંતર ત્રણ કિ.મી. કે તેથી વધુ છે તેવા નિયમમાં આવતી શાળાઓને તમામ શરતો અને આર.ટી.ઓ.ના નિતિ–નિયમોનું પાલન કરવાની શરતે સુવિધા શરૂ કરવા સંદર્ભિત પત્ર–૨થી સુચના આપવામાં આવેલ.જેના સંદર્ભે આપની એસએમસી તેમજ આપના ધ્વારા ખરાઈ કરી આપની શાળામાંથી લાભને પાત્ર હોય તેવા બાળકો માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે.જેના સંદર્ભે અત્રેની કચેરી ધ્વારા આપની શાળાના લાભાર્થી બાળકોને આ પરિવહન સુવિધાનો લાભ આપવા જણાવેલ. આ યોજનાના અસરકારક અમલીકરણ માટે તા.૩૦/૦૪/૧૫ ના પરિપત્ર –૨૦ની જોગવાઈઓ પ્રમાણે પરિવહન સુવિધા માટેની કાર્યવાહી ન થવી કે નાણાંકીય ચુકવણી કરવી જેવી બાબતો અંગે જે તે શાળાના મુ.શિ.ની જવાબદારી નકકી કરવામાં આવશે જેની નોંધ લેશો.**

તા. ૧૪-૧૦-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી